C.C.NO.140-91
આંક:૧ લગત હુકમ:

આ કામના આરોપી વિરુધ્ધ નોંધાયેલ ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું ચાર્જસીટ રજુ થવા પામેલ છે. આ કામના ફરીયાદ પક્ષે આજરોજ હાજર થઈ સદરહું કામે તેઓને આ કામના આરોપી સાથે ધરમેળે સુખદ સમાધાન થઈ ગયેલ છે અને આરોપી સાથે તેઓને હવે તકરાર રહેતી ન હોય હવે કેસ કાર્યવાહી આગળ ચલાવવા માંગતા ના હોય સમાધાનથી વીડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરેલ છે. આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું સ્વરુપ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની રકલમ: ૩૨૦ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવેલ છે. વધુમાં આ કામના પક્ષકારો વચ્ચે ધરમેળે સમાધાન થઈ ગયેલ છે. અને ફરીયાદ પક્ષ સદરહું કેસ કાર્યવાહી આગળ ધપાવવામાં આવે તો પણ ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ મજબુત પુરાવો રજુ કરે તેમ જણાતું નથી. અને તેથી કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ કેસના આવતા પરીણામ પર કોઈ અસર થાય તેમ નથી અને અદાલતના સમયનો વ્યય થાય તેમ હોય ન્યાયના વિશાળ હીતમાં હાલની વીડ્રોઅલ અરજી ગ્રાહય રાખી આ કામના આરોપીને બિન તહોમત મુકત કરવા હુકમ કરવામાં આવે છે. આ કામે કોઈ મુદામાલ હોય તો નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્ય.

તા.૯/૩/૧૯

એડી.ચીફ.મેટ્રો.મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૭,અમદાવાદ.